# ESICની “અટલ વીમિત વ્યક્તિ કલ્યાણ યોજના (ABVKY)” નો પરિચય



## કામદારોના સન્માનની સુરક્ષા
## તેમની આર્થિક સુરક્ષાની સુનિશ્ચિતતા


સત્યમેવ જયતે

કામદાર અને રોજગાર મંત્રાલય
ભારત સરકાર

એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન

**અટલ વીમિત વ્યક્તિ કલ્યાણ યોજના (ABVKY):** આ યોજના ESI કાયદો, 1948ની ધારા 2(9) અંતર્ગત આવરી લેવામાં આવતા કર્મચારીઓ માટે એક કલ્યાણકારી પગલું છે જેનું સંચાલન ESIC દ્વારા કરવામાં આવે છે, જેમાં જીવનમાં એકવાર 90 દિવસ સુધી રાહત ના રૂપમાં ચુકવી આપવામાં આવે છે. આ યોજના 01-07-2018ના રોજથી બે (2) વર્ષ માટે પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી હતી. આ યોજનાને હવે વધુ એક વર્ષ એટલે કે 1 જુલાઈ 2020 થી 30 જૂન 2021 સુધી લંબાવવામાં આવી છે. આ યોજના હેઠળ બેરોજગારી રાહતનો દર વધારીને વેતનના 50% કરવાનો પણ નિર્ણય લેવાયો છે જે અગાઉ 25%નો દર હતો, આ ઉપરાંત, પાત્રતાની શરતોમાં પણ રાહત આપવામાં આવી છે, જેમાં વીમિત વ્યક્તિ તેની/ તેણીની બેરોજગારીની તરત પહેલા ઓછામાં ઓછા બે (2) વર્ષના સમયગાળા માટે વીમા પાત્ર રોજગારીમાં જોડાયેલા હોવા જરૂરી છે અને તેમણે બેરોજગારીના તરત પહેલા યોગદાનના સમયગાળામાં ઓછામાં ઓછું 78 દિવસનું યોગદાન આપ્યું હોવું જરૂરી છે અને રોજગારીની પહેલાના બે (2) વર્ષ ના સમયગાળામાં બાકી રહેલા ત્રણ યોગદાનમાંથી કોઈ પણ એકમાં ઓછામાં ઓછાં 78 દિવસનું યોગદાન આપ્યું હોવું જોઇએ. નોંધપાત્ર રાહતરૂપે, બેરોજગારી શરૂ થયા તારીખથી 30 દિવસ પછી રાહત ચૂકવવાપાત્ર થશે અને કામદારે સંબંધિત ESIC ની શાખા કચેરીએ સીધો જ દાવો જમા કરાવવાનો રહેશે. વધારેલો લાભ અને શરતોમાં આપવામાં આવેલી રાહત માત્ર 24 માર્ચ 2020 થી 31 ડિસેમ્બર 2020ના સમયગાળા દરમિયાન લાગુ થવા પાત્ર છે. રાહત મેળવવા માટે નો દાવો www.esic.in વેબસાઈટ પર ઓનલાઇન થઈ શકે છે અને દાવા ની હાર્ડ કોપી સાથે સોગંધનામું, આધાર કાર્ડ ની નકલ અને બેંક ખાતાની વિગતો પણ ESIC ની સંબંધિત શાખા કચેરી પોસ્ટ દ્વારા અથવા વ્યક્તિગત રીતે જમા કરવાની રહેશે. દાવાની ચકાસણી અને વીમિત વ્યક્તિ (IP) ના બેંક ખાતામાં રકમની ચુકવણીની સંપૂર્ણ પ્રક્રિયા 15 દિવસમાં પૂરી કરવામાં આવશે.

## અટલ બિમીત વ્યક્તિ કલ્યાણ યોજના હેઠળ

**કામદારો માટે હવે રાહતની રકમ બમણી થઈ ગઈ છે**

**કામદારના બેન્ક ખાતામાં સીધા જમા**

**લાયકાતના ધોરણોમાં છૂટછાટ**

**કામદારો હવે અહીં ઓનલાઈન અરજી કરી શકે છે www.esic.in**

# “અટલ વીમિત કલ્યાણ યોજના (ABVKY)” વિશે “વારંવાર પૂછાતા પ્રશ્નો” અને તેના જવાબ

| અનુ નં. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 1 | શું વીમિત વ્યક્તિ(IP) જેને લોકડાઉન દરમ્યાન પગાર ચુકવાયો ન હોય અને તેનું યોગદાન 0 (શૂન્ય) તરીકે દર્શાવવામાં આવ્યું હોય તેને બેરોજગાર ગણાય?<br><br>નોકરીદાતાએ IP નું નામ ESIC ચલણ લીસ્ટમાંથી કાઢી નાખવું જરૂરી છે? કારણ કે, મોટાભાગના કિસ્સામાં કામદારોનું યોગદાન “0” બતાવી રહ્યું છે અને છતાં પાત્ર નથી. | ના<br><br>આ યોજના હેઠળ IP ને માત્ર ત્યારે જ રાહત મળે છે કે જ્યારે તે બેરોજગાર થયા હોય. IP ને ત્યારે જ બેરોજગાર ગણવામાં આવશે કે જ્યારે તેના/તેણીના નોકરીદાતાએ તેને માસિક યોગદાન ચલાણ સાથે ના લીસ્ટમાંથી કાઢી નાખેલ હોય. પરંતુ જો IP ના નામ સાથે માસિક યોગદાન ચલણ “0” બતાવ્યું હોય તો તેનો, મતલબ એવો થાય કે, IP હજુ પણ નોકરીદાતાને ત્યાં નોકરી કરે છે અને નોકરીદાતા આ કર્મચારીઓને કોઈ રકમ ચૂકવતા હોઈ શકે છે તેથી આવા કર્મચારીઓ યોજના હેઠળ રાહત મેળવવા માટે પાત્રતા ધરાવતા નથી. |
| 2 | આ યોજનામાં એવા IP ને આવરી લઇ શકાય કે જેઓ લૉકડાઉન દરમિયાન બેરોજગાર હોય પરંતુ હવે કામ કરી રહ્યાં હોય? | આવા કર્મચારીઓ, જો પાત્રતા માટેની શરતો પૂરી કરતા હોય તો, આ યોજના હેઠળ રાહત મેળવવા માટે પાત્રતા ધરાવે છે. પરંતુ દાવો કરનાર વ્યક્તિ જે સમયનો દાવો કર્યો હોય તે દરમિયાન બેરોજગાર હોવા આવશ્યક છે. |
| 3 | દાવો કરનાર કર્મચારી બેરોજગાર થયાના પ્રથમ 30 દિવસમાં આ યોજના હેઠળ દાવો કરી શકે? | દાવો કરનાર કર્મચારી બેરોજગાર થયા એટલે કે, નોકરીદાતા છુટ્ટા કર્યા હોંવાનું બતાવ્યા બાદ 30 દિવસ પછી દાવો રજૂ કરી શકે છે. દાવો કરનાર બેરોજગાર થયા પછી પૂર્ણ મહિના માટે દાવો દાખલ કરી શકે છે. |
| 4 | શું સિસ્ટમ દ્વારા દાવાનું સર્જન કરવામાં આવે તો તે, યોજના હેઠળ ચુકવણીની રાહતની બાંહેધરી માની શકાય. સિસ્ટમ દ્વારા દાવો બનાવવાની અનુમતિ આપ્યા પછી પણ દાવાનો ઇનકાર થઇ શકે છે? | સિસ્ટમ દ્વારા દાવો સર્જન કરવામાં આવે તેને આ યોજના હેઠળ ચુકવણીની રાહતની બાંહેધરી ના માની શકાય. જો શાખા કચેરીના મેનેજર દ્વારા દાવાની ચકાસણી દરમિયાન નોકરીદાતાના રેકોર્ડ્સના આધારે દાવો કરનાર પાત્રતા ધરાવતા ન હોવાનું જાણવા મળે તો, શાખા કચેરીના મેનેજર દાવાનો ઇનકાર કરી શકે છે, અલબત આવા કેસો ભાગ્યે જ જોવા મળે છે. |

| અનુ નં. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 5 | નિવૃત્તિની વય શું છે? | કોઈપણ વીમિત વ્યક્તિ નિવૃત્તિની વય કાયદા અનુસાર કંપનીની નીતિ દ્વારા નિર્દિષ્ટ કર્યા પ્રમાણે હોય છે. ESI કાયદાની ધારા 56માં આપેલી સ્પષ્ટતા અનુસાર નિવૃત્તિની વય પાંસઠ (65) વર્ષ તરીકે લઇ શકાય. |
| 6 | કર્મચારી પોતાની નોકરી છોડવા માટે તેમનું રાજીનામું કંપનીમાં જમા કરાવે તે એક સામાન્ય બાબત છે. શું જે કર્મચારીઓએ નોકરી છોડવા માટે તેનું રાજીનામું જમા કરાવ્યું હોય તેઓ ABVKY હેઠળ રાહત મેળવવા માટે પાત્રતા ધરાવે છે? | જે કર્મચારીઓએ તેમનું રાજીનામું દાખલ કર્યું હોય તેમને બેરોજગાર તરીકે માનવામાં આવશે અને જો અન્યથા તેઓ પાત્રતા ધરાવતાં હશે તો યોજના હેઠળ રાહત ચુકવવામાં આવશે, જેમાં નોકરીદાતાએ રાજીનામાં/નોકરી છોડવાના સમય કોઈ પણ પ્રકારનો છટણી લાભ/ આર્થિક વળતર આપેલું ના હોવું જોઈએ. |
| 7 | ABVKY હેટળ કર્મચારીઓને વળતર ચુકવવા માટે લૉકડાઉન (સરકારના આદેશાનુંસર નોકરીદાતાએ હંગામી ધોરણે કામ બંધ કર્યું હોય) ને પાત્રતા પરિબળ ગણી શકાય? | ના. ABVKY હેઠળ રાહત લૉકડાઉન અથવા લૉકઆઉટના કિસ્સામાં આપવા પાત્ર નથી કારણકે નોકરીદાતા લૉકઆઉટ/ લૉકડાઉનના સમય દરમિયાન તેમના કર્મચારીઓની નિયુક્તિ યથાવત્ રાખે છે, છુટ્ટા કરેલ નથી. |
| 8 | દાવાની ચકાસણી દરમિયાન શાખા કચેરી મેનેજર દ્વારા કર્મચારીને તેમની બેરોજગારી સંબંધિત કોઈ પુછપરછ કરવામાં આવે છે કે પછી બેરોજગારી સંબંધિત કોઈ એકરારનામું આપવું પડે છે? | કોઈપણ એકરારનામું કર્મચારી (બેરોજગાર ભૂતપૂર્વ - IP) પાસેથી લેવામાં આવશે નહીં. કર્મચારીની પુછપરછ પણ ટાળવામાં આવશે. ચકાસણી વખતે ભૂતપૂર્વ-IPની તમામ જરૂરી માહિતી નોકરીદાતા પાસેથી મેળવવામાં આવશે. |
| 9 | ચકાસણી દરમિયાન નોકરીદાતા દર્શાવે છે કે, કર્મચારીએ નોકરી છોડી છે અથવા તેમને રાજીનામું આપ્યું છે અથવા સ્વેચ્છિક રાજીનામું લેવામાં આવ્યું છે? | કર્મચારીને બેરોજગાર તરીકે માનવામાં આવશે અને જો અન્યથા પાત્રતા ધરાવતા હોય તો તેમને યોજના હેઠળ રાહત ચુકવવામાં આવશે, જેમાં નોકરીદાતાએ રાજીનામાં/નોકરી છોડવાના સમય કોઈ પણ પ્રકારનો છટણી લાભ/આર્થિક વળતર ચૂકવેલું ના હોય. |
| 10 | જો EPF યોગદાન બેરોજગાર કર્મચારીના સંદર્ભમાં ચુકવવામાં આવે તો, શું તે કર્મચારી બેરોજગાર માનવામાં આવશે? | ના.<br>જો ચકાસણી દરમિયાન એવું જાણવા મળે કે, કર્મચારીના સંદર્ભમાં EPF યોગદાન ચુકવવામાં આવ્યું છે તો, કર્મચારીને બેરોજગાર માનવામાં આવેશ નહીં. |

**વધુ વિગતો માટે ઈએસઆઈસી શાખાનો કે ટોલ ફ્રી નંબર 1800 11 2526 પર સંપર્ક કરો**


सत्यमेव जयते

કામદાર અને રોજગાર મંત્રાલય
ભારત સરકાર
www.facebook.com/labourministry
@labourministry

एसआईसी ESIC सामाजिक सुरक्षा SOCIAL SECURITY

એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન
www.facebook.com/esichq
@esichq